Ref: SECTL/2024 – 90 June 25, 2024

**BSE Limited**
**Phiroze Jeejeebhoy Towers,**
**Dalal Street,**
**MUMBAI – 400 001**

**National Stock Exchange of India Limited**
**Exchange Plaza, 5th Floor, Plot No. C/1, G-Block,**
**Bandra-Kurla Complex, Bandra (East)**
**MUMBAI – 400 051**

**Scrip Code: BSE – 532974** **NSE – BIRLA MONEY**

**Sub: Newspaper Advertisement- Disclosure under regulation 30 read with regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("SEBI Listing Regulations").**

Dear Sir / Madam,

Pursuant to Regulation 30 read with Schedule III Part A Para A & Regulation 47 of SEBI Listing Regulations, we enclose the copies of Newspaper Advertisement published in Business Standard, All India Editions (English) and Jai Hind Rajkot Edition (Gujarati), in Compliance with Ministry of Corporate Affairs General Circular Nos. 14/2020 dated April 8, 2020, 17/2020 dated April 13, 2020, 20/2020 dated May 5, 2020, 10/2022 dated December 28, 2022 and Subsequent Circulars issued in this regard, the latest being, General Circular No. 09/2023 dated September 25, 2023 intimating that 28th Annual General Meeting ("AGM") of the Company will be held on Tuesday, July 30, 2024 at 12.30 pm (IST) through Video Conferencing (VC) /Other Audio Visual Means (OAVM).

The above information is being available on the website of the Company https://stocksandsecurities.adityabirlacapital.com/

This is for your information and records

Thanking you,

Yours faithfully,
For **Aditya Birla Money Limited**

MANISHA LAKHOTIA
Digitally signed by MANISHA LAKHOTIA
Date: 2024.06.25 15:22:28 +05'30'

**Manisha Lakhotia**
**Company Secretary and Compliance Officer**
Encl: a/a

पंजाब नैशनल बैंक
...भरोसे का प्रतीक !

punjab national bank
...the name you can BANK upon !

**Statement of Consolidated Cash Flow for the year ended March 31, 2024**

(Rs in Crore)

| | Particulars | | Year ended 31.03.2024 (Audited) | Year ended 31.03.2023 (Audited) |
|---|---|---|---|---|
| **A.** | **Cash Flow from Operating Activities** | | | |
| | Net Profit/(Loss) after Tax | | 9,107.20 | 3,348.45 |
| | Provision for Tax | | 5,002.80 | 1,792.08 |
| **(I)** | **Net Profit before tax** | **(i)** | **14,110.00** | **5,140.53** |
| **(II)** | **Adjustments for:** | | | |
| | Depreciation on fixed assets | | 905.60 | 904.87 |
| | Depreciation/(Release) on Investments [net] | | (742.12) | 1,966.77 |
| | Provisions for non performing assets | | 12,321.98 | 15,828.44 |
| | Provision on Standard Assets | | 91.85 | 1,311.62 |
| | Other Provision (net) | | 712.67 | 757.50 |
| | Shares of earning in Associates | | (803.22) | (289.44) |
| | Profit / Loss on sale of Fixed Assets (net) | | (6.66) | (2.58) |
| | Interest paid on Bonds | | 2,970.10 | 2,467.94 |
| | **Sub Total** | **(ii)** | **15,450.20** | **22,945.12** |
| **(III)** | **Adjustment for :** | | | |
| | Decrease/(Increase) in Investments | | (27,599.32) | (29,448.23) |
| | Decrease/(Increase) in Advances | | (1,16,625.46) | (1,18,492.65) |
| | Decrease/(Increase) in Other Assets | | 62.90 | 1,130.00 |
| | Increase/(Decrease) in Deposits | | 88,878.16 | 1,36,112.62 |
| | Increase/(Decrease) in Borrowings | | (4,665.00) | 6,315.23 |
| | Increase/(Decrease) in Other Liabilities & Provisions | | 4,323.79 | 93.62 |
| | **Sub Total** | **(iii)** | **(55,624.93)** | **(4,289.40)** |
| | **Cash generated from Operations** | **(i+ii+iii)** | **(26,064.73)** | 23,796.25 |
| | Direct Taxes paid (net off Refund) | | (1,874.71) | (1,204.15) |
| | **Net Cash from Operating Activities** | **(A)** | **(27,939.44)** | **22,592.10** |
| **B.** | **Cash Flow from Investing Activities** | | | |
| | Purchase of Fixed Assets (net off Sales) | | (1,143.65) | (552.39) |
| | Investment in Subsidiaries/JV/RRBs (net) | | (362.77) | (180.08) |
| | **Net Cash used in Investing Activities** | **(B)** | **(1,506.42)** | **(732.47)** |
| **C.** | **Cash flow from Financing Activities** | | | |
| | Share Capital/Share Application Money/Share Premium | | - | - |
| | Issue/(Redemption) of Bonds (net) | | 7,102.00 | 4,461.72 |
| | Dividend paid | | (715.72) | (704.71) |
| | Interest paid on Bonds | | (2,970.11) | (2,467.94) |
| | Increase/ (Decrease) in Minority Interest | | 101.40 | (14.09) |
| | **Net Cash from Financing Activities** | **(C)** | **3,517.57** | **1,274.98** |
| **D.** | **Net Change in Cash and Cash Equivalents** | **(A+B+C)** | **(25,928.29)** | **23,134.60** |
| | **Cash and Cash Equivalents at the beginning of the period** | | | |
| | Cash and Balances with Reserve Bank of India | | 78,213.52 | 86,127.84 |
| | Balances with Banks & Money at Call & Short Notice | | 79,114.96 | 48,066.04 |
| | | | **1,57,328.48** | **1,34,193.88** |
| | **Cash and Cash Equivalents at the end of the period** | | | |
| | Cash and Balances with Reserve Bank of India | | 65,325.13 | 78,213.52 |
| | Balances with Banks & Money at Call & Short Notice | | 66,075.06 | 79,114.96 |
| | | | 1,31,400.19 | 1,57,328.48 |

**Notes :-**

1. Cash flow statement has been prepared under the Indirect Method and figures have been regrouped wherever considered necessary.
2. Direct taxes paid (net off refund) are treated as arising from operating activities and are not bifurcated between investing and financing activities.
3. Figures of previous period have been regrouped wherever considered necessary to conform current period classification.
4. Cash and Cash equivalents includes Cash on hand, Balance with RBI & Other Banks and Money at Call and Short Notice

**Prabudh Sharma**
Asstt. General Manager

**Mukesh Kumar**
Asstt. General Manager

**R. K. Khichi**
Deputy General Manager

**Praveen Kumar Sharma**
General Manager

**D K Jain**
Chief General Manager & CFO

**Bibhu Prasad Mahapatra**
Executive Director

**M Paramasivam**
Executive Director

**Binod Kumar**
Executive Director

**Kalyan Kumar**
Executive Director

**Atul Kumar Goel**
Managing Director & CEO

**K G Ananthakrishnan**
Chairman

**Dr. Rekha Jain**
Director

**Sanjeev Kumar Singhal**
Director

**Pankaj Joshi**
Director

**Uma Sankar**
Director

**Pankaj Sharma**
Director

**For D K Chhajer & Co**
Chartered Accountants
FRN: 304138E

**For S C Bapna & Associates**
Chartered Accountants
FRN: 115649W

**For Ummed Jain & Co.**
Chartered Accountants
FRN: 119250W

**CA Nand Kishore Sarraf**
Partner
(M.No. 510708)

**CA Jai Prakash Gupta**
Partner
(M.No. 088903)

**CA Dinesh Godika**
Partner
(M.No. 072738)

**For N K Bhargava & Co.**
Chartered Accountants
FRN: 000429N

**For P S D & Associates**
Chartered Accountants
FRN: 004501C

**CA N K Bhargava**
Partner
(M.No. 080624)

**CA Abhinav Sharma**
Partner
(M.No. 411219)

**Place: New Delhi**

**Date: May 09, 2024**

---

## Aditya Birla Money Ltd.

ADITYA BIRLA CAPITAL
STOCKS & SECURITIES

Regd. Office: Indian Rayon Compound, Veraval - 362 266, Gujarat; CIN: L65993GJ1995PLC064810; Email: abml.investorgrievance@adityabirlacapital.com; Website: www.stocksandsecurities.adityabirlacapital.com; Tel.: +91-44-49490000; Fax.: +91-44-22501095.

**NOTICE TO THE MEMBERS OF THE COMPANY REGARDING 28TH ANNUAL GENERAL MEETING TO BE HELD THROUGH VC/OAVM**

**Notice is hereby given that:**

1. The **28th (Twenty Eighth) Annual General Meeting ("AGM")** of the Members of the Company will be held on **Tuesday, July 30, 2024**, **at 12.30 P.M.** through Video Conferencing (VC) / Other Audio-Visual Means (OAVM).
2. The AGM will be held in Compliance with the Companies Act, 2013 read with General Circulars No.14/2020 dated April 8, 2020, No.17/2020 dated **April 13, 2020** in relation to "Clarification on Passing of Ordinary Resolution and Special Resolution by the Companies under the Companies Act, 2013 and the rules thereunder on account of the threat posed COVID-19", General Circular No.20/2020 dated May 05, 2020, 10/2022 dated December 28, 2022 and subsequent circulars issued in this regard, the latest being 09/2023 dated September 25, 2023 in relation to "Clarification on holding of Annual General Meeting ("AGM") through Video Conferencing (VC) or Other Audio Visual Means (OAVM)", (collectively referred to as "MCA Circulars") permitted the holding of AGM through VC OR OVAM, without the Physical presence of the Members at the Common venue. In Compliance with these MCA Circulars and the relevant Provisions of the Companies Act, 2013, the 28th AGM of the Com pany will be held through VC/OAVM.
3. In accordance with the aforesaid MCA Circulars and Circulars No. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated May 12 2020, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 dated January 15, 2021, SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 dated May 13, 2022, SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 dated January 05 2023 and SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2023/167 dated October 07, 2023 issued by the Securities and Exchange Board of India (collectively referred to as "SEBI Circulars") , the Notice of the 28th AGM and the Annual Report for the Financial Year 2023-24 will be sent by electronic mode to those Members whose email ID's are registered with the Company / Depository Participant(s).
4. Members who have not registered their email addresses with their Depository Participants, Company and Registrar and Share Transfer Agent ("RTA"), so far are requested / update their E-Mail Address in the Following manner: -

   a) in case the shares are held by them in electronic / Demat form with their respective Depository Participants, and

   b) in case of physical Holding either with the Registrar and Share Transfer Agent ("RTA") by sending an E-mail to **investor@cameoindia.com** or with the Company by sending an E-Mail to **abml.investorgrievance@adityabirlacapital.com** by quoting the Folio number, name of Shareholder, scanned copy of the Share Certificate (front and back), PAN (self-attested scanned copy of PAN Card), AADHAAR (self-attested scanned copy of Aadhaar Card).
5. Remote e-Voting facility is provided to the Members to cast their votes on any of the resolutions set out in the Notice of the AGM. The instructions for joining the 28th AGM and manner of participation in remote e-voting or casting a vote through the e-voting system during AGM as provided in the Notice of 28th AGM.
6. Members can attend and participate in the AGM through VC/OVAM facility only and their attendance shall be counted for the purpose of determining the Quorum under Section 103 of the Companies Act, 2013.
7. The Notice of the 28th AGM along with the Annual Report for the Financial Year 2023-24 will also be available on the website of the Company at **https://stocksandsecurities.adityabirlacapital.com/investor** and of the Stock Exchanges, BSE Limited and National Stock Exchange of India Limited at **www.bseindia.com** and **www.nseindia.com** respectively and of CDSL at **www.evotingindia.com**.
8. The facility for e-voting will also be made available at the AGM and the Members attending the AGM who have not already cast their votes by remote e-voting shall be entitled to vote through e-voting at the AGM.
9. Members may participate in the AGM even after exercising their right to vote through remote e-voting but shall not be allowed to vote again at the AGM.
10. Members may refer to the Frequently Asked Question ("FAQs") and e-Voting Manual available at **www.evotingindia.com**, under help section or write an email to **helpdesk.evoting@cdslindia.com**. Any queries may please be mailed to **abml.investorgrievance@adityabirlacapital.com**.

This Notice is being issued for the information and benefit of the Members of the Company in Compliance with the MCA Circulars and SEBI Circulars.

**By Order of the Board of Directors**
**For Aditya Birla Money Limited**
**Manisha Lakhotia**
**Company Secretary**

**Place : Mumbai**
**Date : June 25, 2024**



Markets,
Insight Out

Markets,
Monday to Saturday

To book your copy,
sms reachbs to 57575 or
email order@bsmail.in

Business Standard
50 Years of Insight

# ગોંડલમાં રેતીના ઢગલામાં રમતા રમતા દટાઈ જતા બાળકનું મોત





## સીમેન્ટના પીઢીયા-પાપળા બનાવતા કારખાનેદારના પુત્રનું પોતાના જ કારખાનામાં મૃત્યુ

ગોંડલ તા.૨૪

ગોંડલ નાં મોવિયા રોડ પર આવેલા સિમેન્ટ ના પીઢયા - પાપળા ના કારખાનામાં રેતી નો ઢગલો માથે પડતા દટાઈ જતા ગૂંગળામણ થી બાળકનું મોત નીપજ્યું હતું. મૃતક બાળક ના મૃતદેહ ને પી.એમ.અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

રેતી ચોક થી મોવિયા રોડ તરફ જવાના રોડ પર સજન સિમેન્ટ નામે કારખાનુ ચલાવતા રઝાકભાઈ સુલેમાનભાઇ પતાણી નો ૧૦ વર્ષ નો પુત્ર મહંમદ કારખાના માં રેતી ના ઢગલામાં રમતો હતો તે દરમિયાન અચાનક રેતીનો ઢગલો અકસ્માતે માથે પડતા બાળક રેતીના ઢગલામાં દબાઇ જતા ફસાયો હતો પરિવારજનો ને જાણ થતાં બાળકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં હાજર રહેલ ડોકટરે મૃત હોવાનું પરિવારજનો ને જણાવ્યું હતું. સમગ્ર બનાવને લઈને પોલીસ ઘટના સ્થળે પોહચી તપાસ હાથ ધરી હતી. બનાવ નાં પગલે મોટી સંખ્યામાં સુમરા સમાજ ના આગેવાનો તેમજ સગા સંબંધીઓ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

રઝાકભાઈ ને ત્રણ સંતાનો જેમાં બે દીકરા અને એક દીકરી છે. સૌથી નાના બાળક મહંમદ નું આકસ્મિક મોત નિપજતાં પરિવારમાં શોક છવાયો હતો.

# મોરબી પાસે રોડ ઉપર સ્લીપ થયેલ બાઈકના ચાલક ઉપર ટ્રક ફરી વળતા મોત

## પરપ્રાંતીય યુવકનું ઘટના સ્થળે મૃત્યુ

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા.૨૪

મોરબીના જશમતગઢ ગામ નજીક રોડ ઉપર સ્લીપ થયેલ બાઈકના ચાલક ઉપર ટ્રક ફરી વળ્યો હતો.

મોરબીના જશમત ગામ નજીક રોડ ઉપર ડબલ સવારીમાં બાઈકમાં જતા બે પરપ્રાંતીય યુવકોને અકસ્માત નડ્યો હતો. જેમાં રોડ ઉપર બાઈક કોઈ કારણોસર સ્લીપ થઇ જતાં બંને યુવક રોડ ઉપર પટકાયા હતા ત્યારે પાછળથી પૂરપાટ ગતિએ આવતો ટ્રક બાઈક ચાલક યુવક ઉપર ફરી વળ્યો હતો જેથી તેને માથાના ભાગે તથા પેટના ભાગે ગંભીર ઇજા પહોંચતા તેનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર મૂળ ઝારખંડ રાજ્યના થૈઈ ગામના વતની હાલ રંગપર ગામે આવેલ લોરીશન સિરમિકમાં રહેતા વિશ્વકર્માભાઇ બૈજનાથભાઇ બેહરા ઉવ.૩૪ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી ટ્રક રજી નં. જીજે ૧૨ એટી ૫૪૦૦ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગત તા. ૧૯ જૂનના રોજ ફરીયાદી વિશ્વકર્માભાઈ તથા મરણ જનાર ગજેન્દ્રભાઇ નંદલાલ બંસ્કાર ઉવ.૩૦ વાળાનુ હોન્ડા કંપનીના સાઇન મો.સા. રજી નં. એમપી-૩૭-ઝેડસી-૦૯૪૭ વાળુ લઇને લોરીશન કારખાનેથી રૂમ જોવા માટે સાકેત સીરામીક કારખાને જતા હતા દરમ્યાન પાવડીયારી કેનાલ પાસે સનવીસ સીરામીક કારખાના પાસે પહોચતા મોટર સાયકલ રોડ ઉપર સ્લીપ થતા પાછળથી પુરઝડપે અને ગફલત ભરી રીતે ટ્રક રજી નં જીજે ૧૨ એટી ૫૪૦૦ ના ચાલકે પોતાનો ટ્રક ચલાવી આવી ગજેન્દ્રભાઇના છાતીના ભાગે ટ્રકનુ વ્હીલ ફેરવી દેતા ગજેન્દ્રભાઇને માથામા તથા છાતીના ભાગે ગંભીર પહોંચતા તેનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું જયારે અકસ્માત સર્જી ટ્રક ચાલક પોતાની ટ્રક લઇને સ્થળ ઉપરથી ચાલ્યો ગયો હતો. હાલ પોલીસે આરોપી ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં જી.સી.એ.એસ.પોર્ટલમાં વિદ્યાર્થીઓને થતી હાલાકી અંગે એબીવીપીનું રસ્તારોકો આંદોલન

## જિલ્લા કલેકટરને આવેદન પાઠવી કરાઈ રજૂઆત



(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૨૪

ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ થકી વિદ્યાર્થીઓ ને પડતી મુશ્કેલી અંગે આજે એબીવીપી દ્વારા લાલબંગલા સર્કલમાં સુત્રોચાર, રસ્તારોકો આંદોલન કર્યા પછી જિલ્લા કલેકટર ને આવેદનપત્ર પાઠવ્યું હતું અને સમસ્યા નાં નીરાકરણ માટે માંગણી કરી હતી. જીસીએએસ (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) નો ઉચ્ચ અભ્યાસ માટે પ્રયાસ કરાયા છે તે આવકાર્ય છે. પરંતુ પોર્ટલ માં ખામી હોવાથી વિદ્યાર્થીઓ ને તકલીફ નડી રહી છે. ત્યારે જામનગર આજે એબીવીપીના પ્રદેશ મંત્રી સમર્થ ભટ્ટ ની આગેવાની માં એબીવીપી ના કાર્યકર્તાઓ એ લાલ બંગલા, મહારાણા પ્રતાપની પ્રતિમા પાસે દેખાવો કર્યા હતાં અને રસ્તારોકો આંદોલન કર્યું હતું. આ પછી જિલ્લા કલેકટર કચેરીમાં આવેદન પાઠવ્યું હતું. તેમાં માંગણી કરવામાં આવી હતી કે પોર્ટલથી સમસ્યાના કારણે અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે. એક રાઉન્ડમાં પ્રવેશ પછી વિદ્યાર્થી બીજા રાઉન્ડમાં બીજા કોલેજમાં એડમિશન મેળવી શકતો નથી તે પ્રશ્ન ગંભીર છે તેનું નિરાકરણ લાવવું જરૂરી છે. જીસીએએસ પોર્ટલનું કામ ફક્ત ડેટા એકત્ર કરવાનું હતું પરંતુ એવું લાગે છે કે સમગ્ર પ્રક્રિયા પોર્ટલ થકી ચાલે છે. આમ તેની પારદર્શકતા ઉપર સવાલો ઉભા થયા છે. કોલેજમાં પ્રવેશ મળ્યા સુધી ડોકયુમેન્ટનું વેરીફીકેશન કરવામાં આવતું નથી. એલએલબીમાં પ્રવેશ પ્રક્રિયા હજુ સુધી શરૂ કરવામાં આવી નથી જે ત્વરીત શરૂ કરવી જોઈએ. સ્નાતકના છેલ્લા સેમ.ના પૂનઃ ચકાસણી કે પૂરક પરીક્ષા ના પરિણામ બાકી છે. ત્યારે પી.જી.ના વિદ્યાર્થીઓ માટે અલગ વ્યવસ્થા કરવી જોઈએ, જેથી આવા વિદ્યાર્થીઓ જીસીએએસ માધ્યમથી પ્રવેશ મેળવી શકે. તેમજ પોર્ટલમાં તમામ માહિતી ઉપલબ્ધ કરવી જરૂરી છે. જેમ કે કેટલી ફી છે કેટલી બેઠક છે. કટ ઓફ કેટલું છે વગેરે. જો આ પ્રશ્નનું નિરાકરણ લાવવામાં નહીં આવે તો એબીવીપી ઉગ્ર આંદોલન કરશે તેવી ચિમકી પણ આપવામાં આવી છે.

# જામનગરમાં બે પાડોશીઓના બાળકો અંગેની તકરારમાં મોટેરાઓ બાખડ્યા

## એક દંપતિ પર પાડોશીનો હુમલો ત્રણ સામે ફરિયાદઃ મહિલાને માથામાં ૨૦ ટાંકા લેવા પડ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા ૨૪

જામનગરમાં મોહનનગર જકાતનાકા વિસ્તારમાં બે પાડોશીઓ વચ્ચે બાળકો ની દડે થી રમવા અંગે તકરાર થઈ હતી, અને સામસામ હુમલા કરાયા હતા, જેમાં એક દંપતિ પર હુમલો કરાતાં મહિલાના માથામાં ૨૦ ટાંકા લેવા પડ્યા છે, જયારે સામા પક્ષે પણ હૂમલાની વળતી ફરિયાદ નોંધાવાઇ છે.

જામનગરમાં મોહનનગર જકાતનાકા પાસે રહેતી રીટાબેન કિશોરભાઈ પરમાર નામની ૪૦ વર્ષની મહિલાએ પોતાના ઉપર તેમજ પોતાના પતિ પરસોત્તમભાઈ ઉપર હુમલો કરી ઇજા પહોંચાડવા અંગે અને પોતાનું માથું ફાડી નાખી ૨૦ ટાંકા લેવા પડે તેવી ઇજા પહોંચાડવા અંગે પાડોશી પ્રેમજીભાઈ સવજીભાઈ નકુમ, રમીલાબેન પ્રેમજીભાઈ નકુમ અને તેના પુત્ર રવિ પ્રેમજીભાઈ નકુમ સામે ફરિયાદ નોંધાવી છે. જે મહિલા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જયારે સામા પક્ષે રમીલાબેન પ્રેમજીભાઈએ પોતાના ઉપર તેમજ પોતાના પતિ ઉપર હુમલો કરવા અંગે પાડોશી કિશોરભાઈ પરસોત્તમભાઈ પરમાર અને રીટાબેન કિશોરભાઈ પરમાર સામે વળતી ફરિયાદ નોંધાવી છે. સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

### મોટર સાયકલ સાથે એક તસ્કર પકડાયો

જામનગર નજીકના નાઘેડી ગામમાંથી પંચકોશી બી. ડિવિઝન પોલીસે ચોરાઉ મનાતા બે મોટરસાયકલ સાથે એક તસ્કરને ઝડપી લીધો છે, અને વધુ પૂછપરછ હાથ ધરી છે.

જામનગરના પંચ બી.ડીવિઝન ના પોલીસ સ્ટાફે નાઘેડી ગામે આવેલા કાચના કારખાના પાસે નારણ ગઢવી (રહે-જામજોધપુર)ને આંતરી લીધો હતો,જેની પાસેથી ચોરી અથવા છળકપટથી મેળવેલા બે મોટર સાયકલો મળી આવ્યા હતા, જેના કોઈ બિલ આધાર રજુ નહીં કરી શકતાં અથવા વાહનના કાગળ સાથે ન હોવાથી બંને વાહનો કબજે કરી લઈ, તેની અટકાયત કરી છે, અને વધુ પૂછપરછ હાથ ધરી છે.

# ગેમઝોનની ફાઈલ કોની સુચનાથી દબાવાઈ?

## ખેર અને ઠેબાની કોલ ડીટેઈલમાં સીટને અગત્યના પુરાવા મળ્યા : જમીનમાલીક અશોકસિંહ અને કીરીટસિંહની જામીન અરજી

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૨૪

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ક્રાઈમ બ્રાંચે મહાનિશગરપાલિકા ચીફ ફાયર ઓફિસર આઈ.વી. ખેર અને સસ્પેન્ડેટ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબાની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પ્રાથમિક પુછપરછમાં આ બન્ને અધિકારીઓએ કોના કહેવાથી ફાયર વિભાગમાં ટીઆરપી ગેમઝોનની અરજી દબાવી રાખી તે મુદ્દો તપાસનો વિષય બન્યો છે. જો કે, આ મામલે પોલીસે કોલડિટેલ કાઢતા કેટલાક મહત્વના પુરાવાઓ મળ્યા છે. જેમાં આ બન્ને અધિકારીઓની બેદરકારીહોવાનું પુરવાર થયું છે. આ કેસમાં વેલ્ડીંગ સુપરવાઈઝર મહેશ રાઠોડના રિમાન્ડ નહીં મંગાતા તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં પોલીસે અત્યાર સુધીમાં ૧૨ આરોપીની ધરપકડ કર્યા બાદ વધુ ત્રણની ધરપકડ કરતા આંકડો ૧૫ પર પહોંચ્યો છે. આરોપી નં. ૧૩ તરીકે ગીતા નગર શેરી નં. ૭ ઠેબા મંજીલ ગોંડલ રોડ જકાતનાકા પાસે રહેતા ભીખાભાઈ જીવાભાઈ ઠેબા અને આરોપી તરીકે ૧૪ તરીકે રાજવાટીકા સોસાયટી પુષ્કરધામ રોડ ખાતે રહેતા ચીફ ફાયર ઓફિસર ઈલેશકુમાર વાલાભાઈ ખેર અને આરોપી નં. ૧૫ તરીકે ગોંડલ રહેતા ફેબ્રીકેશનનું કામ કરનાર મહેશ અમૃતભાઈ રાઠોડની ધરપકડ કરી હતી. ઝડપાયેલા ત્રણેયમાંથી મહેશ રાઠોડને જેલ હવાલે કરાયો હતો. જ્યારે ચીફ ફાયર ઓફિસર ખેર અને સસ્પેન્ડેડ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબાની બે દિવસના રિમાન્ડ ઉપર પુછપરછ શરૂ કરવામા આવી ચે. ફાયર ઓફિસર ખેરના વકિલે રિમાન્ડ વખતે સ્ટેની અરજી કરી હતી. જે કોર્ટે ફગાવી દીધી હતી. આ બન્ને અધિકારીઓ પોતાની ફરજમાં બેદરકાર રહ્યા હોય અને પોતાના હોદાનો દૂરઉપયોગ કરી કાયદાની સંપૂર્ણ પ્રક્રિયાથી વાકેફ હોવા છતાં ગત તા. ૪-૯-૨૩ ના રોજ આગની ઘટના બન્યા છતાં ટીઆરપીગેમઝોનમાં લાયસન્સ બાબતેની કોઈ કાર્યવાહી કરી નહીં અને આ અંગેની ફાઈલ પણ દબાવી ાખવામાં આવી હોય ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર દ્વારા કોના કહેવાથી આ ફાઈલ દબાવી રાખવામાં આવી તે મુદ્દો તપાસનો વિષય છે. અને ક્રાઈમ બ્રાંચે કોલ ડિટેઈલ ઉપર તપાસ કેન્દ્રીત કરી આ મામલે બન્ને અધિકારીઓ સાથે ઘટના બાદ સંપર્ક ધરાવનારની યાદી પણ તૈયાર કરી છે. બીજી તરફ આ મામલે ટીઆરપી ગેમઝોનના માલીક અશોકસિંહ જાડેજા અને કિરિટસિંહ જાડેજાએ રેગ્યુલર જામીન માટે અરજી કરતા આ મામલે આવતીકાલે ડિસ્ટ્રીક્ટ કોર્ટ ખાતે જામીન અરજીની સુનાવણી હાથ ધરવામાં આવશે ગત તા. ૨૦ના રોજ અશોકસિંહ અને કિરિટસિંહના વકીલ દ્વારા જામીન માટે અરજી કરવામાં આવી હતી.



## અપ્રમાણસર મિલ્કત કેસમાં સાગઠિયાનો કબ્જો લેતી એસીબી

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટાઉન પ્લાનીંગ ઓફિસર એમ.ડી. સાગઠિયાની ક્રાઈમ બ્રાંચે જેલમાંથી કબ્જો લઈ ધરપકડ કરી રિમાન્ડ ઉપર પુછપરછ કર્યા બાદ તેને જેલ હવાલે કર્યો હોય બીજી તરફ સાગઠિયાસામે એસીબીએ અપ્રમાણસર મિલ્કત અંગેનો ગુનો દાખલ કર્યો હોય જેલહવાલે થયેલા સાગઠિયાનો એસીબીએ કબ્જો લીધો હોય હવે એમ.ડી. સાગઠિયાની એસીબી દ્વારા રિમાન્ડ ઉપર પુછપરછ કરવામાં આવશે તેમ જ તેને સાથે રાખી બેન્ક લોકરો, ખોલવામાં આવશે. પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની મહાનગરપાલિકામાં મોટી ધાક હોય અને રાજકોટના બિલ્ડરો તેની સાથે સંપર્કમાં હતાં તાજેતરમાં જ એક બિલ્ડરે સાગઠિયા સામે કરોડો રૂપિયા લીધાનો આક્ષેપ કર્યો હોય ત્યારે મનસુખ સાગઠિયા સાથે નાણાકીય વ્યવહાર કરનાર રાજકોટના કેટલાક બિલ્ડરો પણ એસીબીની રડારમાં આવી ગયા છે અને આ બિલ્ડરોની પણ એસીબી પુછપરછ કરશે તેવા નિર્દેશો મળી રહ્યા છે.



# મોરબીના ઉંચી માંડલ ગામ નજીક ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલક વૃદ્ધનું મોત

## ટ્રક ચાલક અકસ્માત સર્જી, વાહન મુકી પલાયન

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા.૨૪

મોરબીના ઉંચી માંડલ ગામ નજીક ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલક વૃદ્ધનું મોત નિપજ્યું હતુ.

મોરબીના ઉંચી માંડલ ગામ નજીક મોરબી હળવદ હાઇવે ઉપર રોડની કટ પાસે મોટર સાયકલને પાછળથી ટ્રક ટ્રેઇલરે હડફેટે લેતા મોટર સાયકલ ચાલક એવા વૃદ્ધને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના આ બનાવ બાદ ટ્રક ટ્રેઇલર ચાલક પોતાનું વાહન સાઈડમાં પાર્ક કરી સ્થળ ઉપરથી પલાયન થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ હળવદ તાલુકાના ચરાડવા ગામે રહેતા જાદવજીભાઇ માકાસણા નામના વૃદ્ધિ મોટર સાયકલ રજી. જીજે ૦૩ સીકે ૦૫૧૯ લઇને મોરબી હળવદ હાઇવે ઉપર જતા હોય ત્યારે ઉંચી માંડલ સીમ સીલોરા કારખાના સામેની કટ પાસે પાછળથી આવતા ટ્રક ટ્રેઈલર રજી.નં. આરજે-૨૭-જીઈ-૧૨૨૨ ના ચાલકે પોતાનો ટ્રક ટ્રેઇલર પૂરપાટ ઝડપે ચલાવી જાદવજીભાઈના મોટર સાયકલને ઠોકરે ચડાવતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા જાદવજીભાઈનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. બનાવ બાદ ટ્રક ટ્રેઈલરનો ચાલક પોતાનું વાહન મૂકીને ચાલ્યો ગયો હતો, ત્યારે અકસ્માતના બનાવ મામલે મૃતકના દીકરા કમલેશભાઇ જાદવજીભાઇ માકાસણા ઉવ-૩૯ રહે-ચૈતન્ય નગર, ગામ-ચરાડવા તા-હળવદ દ્વારા આરોપી ટ્રક ટ્રેઈલરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# ઉનાનાં કંસારી, ભાચા ગામની વચ્ચે બાઈક પર સવાર ત્રણ શખ્સોએ કર્યો ટ્રક પર પથ્થરમારો

## પથ્થરમારામાં પોલીસ કોન્સ્ટેબલ હસમુખ ડાગોદરાને છાતીનાં ભાગે પહોંચી ઈજા

## પાંચ ટ્રકનાં કાચ પર પથ્થરો ફેંકતા કાચનો ભુક્કો બોલાવ્યો ટ્રક ચાલકને પણ સામન્ય ઈજા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૪

ઊના ધોકડવા રોડ ઉપર કંસારી ગામ થી ભાચા ગામ વચ્ચે આવેલ ખોડિયાર ધાર ધાર્મિક સ્થળ નજીક એક બાઈક પર ત્રણ વ્યક્તિ સવારી માં નિકળી રાત્રિના સમયે રોડ પર પ્રસાર થતાં નાનાં મોટાં વાહનો પર છુટાં પથ્થરમારો નાં ધા કરી ને વાહન ચાલકો ને નુકશાન કર્તા હોવાનાં કારણે આ માર્ગ પર ભય નો માહોલ છવાયો છે.



આ બાઈક પર આવતાં ત્રણ શખ્સોએ ગત મોડીરાત્રે તો હદ વટાવી દીધી હોય તેમ ઊના પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ હસમુખભાઈ ડાગોદરા તેમની માતા બહેન ને બેસાડી અંબાડા ગામે થી કંસારી જતાં હતાં તેની પર પથ્થર મારો કરતાં હસમુખભાઈ ડાગોદરા ને છાતીમાં પથ્થર વાગતાં ઉના દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

ગત રાત્રિના બાર એક વાગ્યા નાં સમયે ત્રિપલ સવારી માં બાઈક પર નિકળેલા અજાણ્યા શખ્સોએ અચાનકજ ખોડિયાર ધાર નજીક પ્રસાર થતાં ઉના કોડીનાર જતાં ટ્રક પર પથ્થર મારો કર્યો હતો અને પાંચ જેટલાં ટ્રક નાં કાચ તોડી ને ભુક્કો બોલાવી દેતાં તેમજ બાઈક સવાર પોલીસ કોન્સ્ટેબલ ને પણ ઈજા થતાં રાત્રિનાં અંધારાં માં રોડ પર વાહન વ્યવહાર બંધ થતાં એક દુધ ભરીને પ્રસાર થતાં વાહન ચાલકે ભાચા ગામના અગ્રણી અને નવ પર્યાવરણ ટ્રસ્ટ નાં પ્રમુખ અબ્બાસભાઈ બ્લોચ ને મોબાઈલ દ્વારા જાણ કરતાં તાત્કાલિક આઠ થી દશ સેવાભાવી યુવાનો લઈ ને બનાવ સ્થળે પહોંચ્યા હતાં અને ટ્રક નાં ડ્રાઈવર અને વાહન ચાલકો ને મદદરૂપ બની ઈજાગ્રસ્ત પોલીસ કોન્સ્ટેબલ ને સારવાર અર્થે હોસ્પિટલમાં મોકલાવ્યા હતા.

આ બનાવ અંગે તાત્કાલિક ઊના પોલીસ ને જાણ કરાતાં એક પીસીઆર અને ડી સ્ટાફ નો કાફલો દોડી ગયો હતો સ્થળ પર વાહન વ્યહવાર શરૂ કરી ને આ બાઈક પર નિકળેલા ત્રણ શખસો ની શોધખોળ કરતાં મળી આવેલ ન હતાં સામાજીક અગ્રણી અબ્બાસભાઈ બ્લોચ નાં જણાવ્યા અનુસાર આ માર્ગ પર કંસારી થી ધોકડવા સુધી રાત્રિના સમયે બાઈક સવાર પર નિકળતાં ત્રણ અજાણ્યા શખ્શો વારંવાર પથ્થરમારો કરતાં હોય અનેક વખત વાહનો રાહદારી અને ખેડૂતો ને નુકશાન કરતાં હોવાની ઘટના બને છે પોલીસ દ્વારા આ માર્ગ પર રાત્રિના પેટ્રોલીંગ કરી આવાં લુંટ નાં ઈરાદે નિકળતાં શખ્શો ને પકડી પાડી સજા કરવી જોઈએ તેવી માંગણી કરી હતી.

ગત રાત્રિના બનેલી આ પથ્થર મારાં ની ઘટના માં પાંચ ટ્રક ચાલક અને એક પોલીસ કોન્સ્ટેબલ ને નુકશાન પહોંચ્યું હોવાં છતાંય ઉના પોલીસ માં આટલી મોટી ઘટના ની કોઈ નોંધ લખાયેલ નથી આમ પ્રજા નું તો થીક છે પરંતુ ઈજાગ્રસ્ત થયેલાં પોલીસ કોન્સ્ટેબલ ની પણ કોઈ ફરીયાદ નોંધાયેલ નથી પ્રજા ભગવાન ભરોસે જીવી રહી છે કાયદો વ્યવસ્થાની સ્થિતી ચકડોળે ચડી ગઈ છે.

લોકો વાહન ચાલકો અસલામત બની રહ્યા છે ઊના પોલીસ અધિકારી ક્યાંય જોવાં મળતાં નથી પ્રજા ની વચ્ચે થી ગુમ રહેતાં પોલીસ અધિકારી ઓનાં કારણે ગુન્હેગાર બેફામ બની રહ્યા છે આ બાબતે જીલ્લા પોલીસ અધિક્ષક એ તાત્કાલિક તપાસ કરાવી ને ગુન્હેગારો ને નાથવા નું કામ શરૂ કરશે ખરાં??


**Aditya Birla Money Ltd.**

ADITYA BIRLA CAPITAL
STOCKS & SECURITIES

નોંધણીકૃત કાર્યાલય: ઇન્ડિયન રેયોન કમ્પાઉન્ડ, વેરાવળ- 362 266, ગુજરાત, CIN: L65993GJ1995PLC064810; Email : abml.investorgrievance@adityabirlacapital.com; Website: www.stocksandsecurities.adityabirlamoney.com; ફોન: +91-44-49490000; ફેક્સ: +91-44-22501095

**VC/OAVM દ્વારા આયોજિત થનારી 28મી વાર્ષિક સામાન્ય સભા અંગે કંપનીના સભ્યોને સૂચના**

નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે:

1. કંપનીના સભ્યોની 28મી (અઠ્ઠાવીસમી) વાર્ષિક સામાન્ય બેઠક ("AGM") મંગળવાર, 30 જુલાઈ, 2024ના રોજ બપોરે 12.30 કલાકે વીડિયો કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાશે.
2. AGM કંપની અધિનિયમ, 2013 અને સામાન્ય પરિપત્ર નં. 14/2020 તારીખ 8 એપ્રિલ 2020, નં. 17/2020 તારીખ 13 એપ્રિલ 2020, "કંપનીઓ દ્વારા સામાન્ય ઠરાવ અને વિશેષ ઠરાવ પાસ કરવા બાબત" વિશે સ્પષ્ટતા, સામાન્ય પરિપત્ર નં. 20/2020 તારીખ 5 મે 2020, 10/2022 તારીખ 28 ડિસેમ્બર 2022 અને ત્યારબાદના સંબંધિત પરિપત્રો, જેમ કે 09/2023 તારીખ 25 સપ્ટેમ્બર 2023, "વિડિઓ કોન્ફરન્સિંગ (VC) અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા વાર્ષિક સામાન્ય બેઠક (AGM) રાખવાની સ્પષ્ટતા" (જેને "MCA પરિપત્રો" તરીકે સંદર્ભિત કરવામાં આવે છે) સાથે પાલન કરવામાં આવશે, જેમાં સભ્યોની ભૌતિક ઉપસ્થિતિ વિના VC/OAVM દ્વારા AGM રાખવાની મંજૂરી આપવામાં આવી છે. આ MCA પરિપત્રો અને કંપની અધિનિયમ, 2013ની સંબંધિત જોગવાઈઓનું પાલન કરતાં કંપનીની 28મી AGM VC/OAVM દ્વારા યોજાશે.
3. ઉપરોક્ત MCA પરિપત્રો અને SEBI દ્વારા જારી કરવામાં આવેલ પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ 12 મે 2020, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ 15 જાન્યુઆરી 2021, SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ 13 મે 2022, SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ 5 જાન્યુઆરી 2023 અને SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2023/167 તારીખ 7 ઓક્ટોબર 2023 (જેને "SEBI પરિપત્રો" તરીકે સંદર્ભિત કરવામાં આવે છે), અનુસાર, 28મી AGMની નોટિસ અને વાર્ષિક અહેવાલ નાણાકીય વર્ષ 2023-24 માટે ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા આ સભ્યોને મોકલવામાં આવશે જેમના ઈમેઈલ ID કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(s) સાથે નોંધાયેલા છે.
4. જેમના ઈમેઈલ સરનામા તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ, કંપની અને રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA") સાથે નોંધાયા નથી, તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેમના ઈમેઈલ સરનામાઓને નીચે મુજબ અપડેટ કરો: -
   a) જો શેર ઈલેક્ટ્રોનિક/ડિમેટ ફોર્મમાં છે તો તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ સાથે.
   b) જો ફિઝિકલ હોલ્ડિંગમાં છે તો, તો રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA") ને investor@cameoindia.com પર અથવા કંપનીને abml.investorgrievance@adityabirlacapital.com પર ઈમેઈલ મોકલીને, ફોલિયો નંબર, શેરહોલ્ડરનું નામ, શેર સર્ટિફિકેટની સ્કેન કોપિ (અગળ અને પાછળ), PAN (પાન કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કૉપિ), આધાર (આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કૉપિ) જણાવીને.
5. સભ્યોને AGMની નોટિસમાં દર્શાવેલ કોઈપણ ઠરાવ પર તેમના મત આપવાનો માટે રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવામાં આવે છે. 28મી AGMમાં જોડાવા માટે અને રિમોટ ઈ-વોટિંગમાં ભાગ લેવા અથવા AGM દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મત આપવાની રીત AGMની નોટિસમાં આપવામાં આવી છે.
6. સભ્યો VC/OAVM સુવિધા દ્વારા AGMમાં હાજરી આપી અને ભાગ લઈ શકે છે અને તેમની હાજરી કંપની અધિનિયમ, 2013ની કલમ 103 હેઠળ ક્વોરમ નક્કી કરવા માટે ગણવામાં આવશે.
7. 28મી AGMની નોટિસ સાથે નાણાકીય વર્ષ 2023-24 માટેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ https://stocksandsecurities.adityabirlacapital.com/investor પર અને સ્ટોક એક્સચેન્જ, BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ www.bseindia.com અને www.nseindia.com અને CDSL ની વેબસાઇટ www.evotingindia.com પર ઉપલબ્ધ રહેશે.
8. AGMમાં ઈ-વોટિંગ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવશે અને AGMમાં હાજરી આપનાર સભ્યો જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત નથી આપ્યા તેઓ AGMમાં ઈ-વોટિંગ દ્વારા મત આપવા હકદાર રહેશે.
9. સભ્યો રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યા પછી પણ AGMમાં ભાગ લઈ શકે છે, પરંતુ AGMમાં ફરીથી મત આપવા માટે પરવાનગી આપવામાં આવશે નહીં.
10. સભ્યો www.evotingindia.com પર હેલ્પ સેકશનમાં ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો ("FAQs") અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈમેઈલ લખી શકે છે. કોઈ પણ પ્રશ્નો માટે કૃપા કરીને abml.investorgrievance@adityabirlacapital.com પર ઈમેઈલ મોકલો.

આ નોટિસ MCA પરિપત્રો અને SEBI પરિપત્રોના પાલનમાં કંપનીના સભ્યોની માહિતી અને ફાયદા માટે જારી કરવામાં આવી છે.

બોર્ડ ઓફ ડાયેરક્ટરોના આદેશથી
આદિત્ય બિરલા મની લિમિટેડ વતી

સ્થળ : મુંબઈ
તારીખ : જૂન 25, 2024

મનીષા લખોટિયા
કંપની સેક્રેટરી